# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) પહેલાગામ આતંકવાદી હુમલા બાદ સિંધુ જળ સંધિ રદ અને પાકિસ્તાનના નાગરિકોને તાત્કાલિક ભારત છોડવાના આદેશ સહિતના ભારતની પાકિસ્તાન સામે કાર્યવાહી
2) પહેલગામ આતંકવાદી હુમલા અંગે આજે સરકારે સર્વપક્ષિય બેઠક બોલાવી
3) ગુજરાત અને મહારાષ્ટ્ર સરકારે  પોતાના રાજ્યનાં મૃતકનાં પરિવારજનોને પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી
4) રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બિહારમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.
5) આઇપીએલની મેચમાં મુંબઇ ઇન્ડિયન્સે હૈદરાબાદ સનરાઇઝર્સને હરાવ્યું.

***************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PAHELGAM ATTACK-1

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ કરાર પર રોક અને 48 કલાકમાં પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવાના આદેશ જેવા શ્રેણીબદ્ધ 5 આકરા નિર્ણય કર્યા છે.

સુરક્ષા કેબિનેટ સમિતિ , CCS (સીસીએસ) ગઈકાલે સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને મળેલી બેઠકમાં એકંદર સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને તમામ દળોને ઉચ્ચ તકેદારી રાખવા નિર્દેશ આપ્યો હતો.

સીસીએસએ જણાવ્યું કે, આતંકવાદી હુમલાના સરહદ પારના જોડાણો બહાર લાવવામાં આવ્યા હતા. જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણીઓના સફળ આયોજન અને આર્થિક વિકાસ અને વિકાસ તરફ તેની સતત પ્રગતિના પગલે આ હુમલો થયો હોવાનું જણાવા આવ્યું છે.

CCSસે આ હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી અને પીડિતોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના વહેલા સ્વસ્થ થવાની આશા વ્યક્ત કરી.

જેમાં 1960ની સિંધુ જળ સંધિને સ્થગિત કરવી અને તાત્કાલિક અસરથી અટારી બોર્ડર બંધ કરવામાં આવી છે ઉપરાંત ભારતમાં હાલમાં રહેતાં કોઈપણ પાકિસ્તાની નાગરિકને ભારત છોડવા માટે 48 કલાકનો સમય આપવામાં આવ્યો છે.

આ અંગે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ કહ્યુ કે ,પાકિસ્તાની નાગરિકોને સાર્ક વિઝા એક્ઝેમ્પશન સ્કીમ ( SVES) વિઝા હેઠળ ભારતની મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં અને ભૂતકાળમાં પાકિસ્તાની નાગરિકોને જારી કરાયેલા કોઈપણ SVES વિઝા રદ ગણવામાં આવે છે....

# PAHELGAM ATTACK-2

દિલ્હીમાં પાકિસ્તાની હાઈકમિશનમાં સંરક્ષણ-લશ્કરી-નૌકાદળ અને હવાઈદળના અધિકારીઓ અને સલાહકારોને ભારત છોડવા માટે એક અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો છે.

ભારત, ઇસ્લામાબાદ સ્થિત ભારતીય હાઇકમિશન માંથી પોતાના સંરક્ષણ , નૌકાદળ અને હવાઈદળના સલાહકારોને પાછા બોલાવશે. શ્રી મિશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સંબંધિત ઉચ્ચ કમિશનમાં આ જગ્યાઓ રદ માનવામાં આવે છે. બંને હાઇકમિશન માંથી સર્વિસ એડવાઇઝર્સના પાંચ સપોર્ટ સ્ટાફને પણ પાછા ખેંચી લેવામાં આવશે.

વિદેશ સચિવે જણાવ્યું હતું કે , 1 મે સુધીમાં હાઇ કમિશનની કુલ સંખ્યા હાલના 55 થી ઘટાડીને 30 કરવામાં આવશે.

વિશ્વભરની ઘણી સરકારો તરફથી સમર્થન અને એકતાના મજબૂત અભિવ્યક્તિઓ પ્રાપ્ત થયા છે , જેમણે આ આતંકવાદી હુમલાની સ્પષ્ટ નિંદા કરી છે. CCS એ આવી લાગણીઓ માટે તેની પ્રશંસા નોંધાવી , જે આતંકવાદ પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતા દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ALL PARTY MEET

પહેલગામ આતંકવાદી હુમલાની ઘટનાને ધ્યાનમાં રાખીને સરકારે આજે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે , આ બેઠક સંસદ ભવન સંકુલમાં સાંજે 6 વાગ્યે યોજાશે. આ બેઠકમાં આંતકવાદી હુમલા બાદ સરકાર દ્વારા લેવાઇ રહેલા પગલાંઓની તમામ પક્ષોને માહિતી આપવામાં આવશે અને વર્તમાન સ્થિતિની ચર્ચા કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. UN-PAHALGAM

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમમાં થયેલા આતંકવાદી હુમલાની કડક શબ્દોમાં ટિકા કરી છે આ હુમલામાં 26 લોકોના મોત થયા છે.શ્રી ગુટેરેસે ભારપૂર્વક જણાવ્યું હતું કે નાગરિકો સામેના હુમલા કોઈપણ સંજોગોમાં ચલાવ લેવામાં આવશે નહીં

મહાસચિવના પ્રવક્તા સ્ટીફન ડુજારિકે જણાવ્યું હતું કે શ્રી ગુટેરેસે ,પીડિતોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી છે. મંગળવારે પર્યટન સ્થળ પહેલગામમાં પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા ( LeT) ના એક મુખ્ય સંગઠન દ્વારા કરવામાં આવેલા લક્ષ્યાંકિત હુમલામાં પ્રવાસીઓ માર્યા ગયા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUJ AFFECTED FUNERAL

પહેલાગામ આતંકવાદી હુમલામાં ગુજરાતના ત્રણ પ્રવાસીઓના મોત થયા છે..આ ત્રણેયના મૃતદેહો મોડીરાત્રે તેમના વતન લવાયા હતા.. જેમાં ભાવનગરના પિતા પુત્ર અને સુરતના એકનો સમાવેશ થાય છે.. મૃતક ત્રણેની થોડીવારમાં અંતિમ ક્રિયા કરવામાં આવશે. ભાવનગરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સુરતમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલ અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અંતિમ ક્રિયા સંપન્ન થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MONETRY HELP

પહલગામ આતંકવાદી હુમલા દરમિયાન ગોળીબારમાં માર્યા ગયેલા ગુજરાતના ત્રણ પ્રવાસીઓના વારસદારોને રાજ્ય સરકારે પાંચ પાચ લાખ રૂપિયા સહાય આપવાની જાહેરાત કરી છે જ્યારે ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે.. ગુજરાતના મુખ્યમંત્રીએ આ જાહેરાત કરી હતી જ્યારે છ પીડિતોના પરિવારોને મહારાષ્ટ્રે પાંચ લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે આ ઘટનામાં ઘાયલ થયેલા લોકોને પણ પચાસ હજાર રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

.........................................................................

# PM - BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારની મુલાકાત લેશે અને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે મધુબની ખાતે એક કાર્યક્રમમાં ભાગ લેશે. આ પ્રસંગે , તેઓ ૧૩ હજાર ૪૮૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન , શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત પણ કરશે. આ પ્રોજેક્ટ્સમાં રેલ્વે અને વીજળી ક્ષેત્રનો સમાવેશ થાય છે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ , પ્રધાનમંત્રી મધુબની ખાતે આયોજિત કાર્યક્રમ દરમિયાન વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ચાર ટ્રેનો, ત્રણ રેલ લાઇન અને બે રેલ ઓવર બ્રિજને લીલી ઝંડી આપશે.

(વોઇસ કાસ્ટ –પુલ હિન્દી DILIPKUMAR)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA STEEL 2025

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઈના બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય સ્ટીલ ઇવેન્ટ 'ઇન્ડિયા સ્ટીલ-2025'નું ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્ટીલ ઉદ્યોગના પ્રીમિયર કાર્યક્રમને સંબોધિત કરશે. ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદ વૈશ્વિક સ્ટીલ મૂલ્ય શૃંખલાના અગ્રણી ભાગીદારો સાથે રહીને આ ક્ષેત્રના ભાવિ વિકાસની ચર્ચા કરશે.

આ પરિષદમાં મુખ્યમંત્રીઓ અને કેન્દ્રીય મંત્રીઓ સહિત વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિઓની હાજરી જોવા મળશે.

સ્ટીલ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પરિષદ આંતર-રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સહયોગ માટે નવી તકો ખોલશે, જ્ઞાનના આદાન-પ્રદાનને સરળ બનાવશે અને સ્ટીલ મૂલ્ય શૃંખલામાં વ્યવસાય કરવાની સરળતા વધારવાના હેતુથી ભારતના નીતિગત સુધારાઓ અને માળખાગત વિવિધ પહેલને પ્રદર્શિત કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WORLD HEALTH ORGANIZATION

વિશ્વ આરોગ્ય સંગઠન ( WHO) દ્વારા વિશ્વ રસીકરણ સપ્તાહ 2025 આજથી સમગ્ર વિશ્વમાં શરૂ થશે.વિશ્વ રસીકરણ સપ્તાહ એપ્રિલના છેલ્લા અઠવાડિયામાં ઉજવવામાં આવે છે.

આ સપ્તાહનો ઉદ્દેશ્ય રસીકરણની જીવન રક્ષક શક્તિને પ્રોત્સાહન આપવાનો છે. આ વર્ષની થીમ "બધા માટે રસીકરણ માનવીય રીતે શક્ય છે" છે. આ થીમ દરેક વ્યક્તિને, ઉંમર કે સ્થાનને ધ્યાનમાં લીધા વિના , જીવનરક્ષક રસીઓની સુલભતા સુનિશ્ચિત કરવાના મહત્વ પર ભાર મૂકે છે. WHO દાવો કરે છે કે છેલ્લા ૫૦ વર્ષોમાં , આવશ્યક રસીઓએ ઓછામાં ઓછા ૧૫ કરોડ ૪૦ લાખ લોકોના જીવ બચાવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GOLD SEIZURE

અમદાવાદ એરપોર્ટ પરથી શારજાહથી આવેલી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટમાં આવેલા એક મુસાફર પાસેથી કસ્ટમે 814 ગ્રામ કરતાં વધુનુ સોનુ જપ્ત કર્યું હતું.. એક મુસાફરની તપાસ કરતાં તેની પાસેથી 18 અને 24 કેરેટના સોનાના વાયર અને વિંટી સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. કસ્ટમે ઝડપેલા આ સોનાની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત 65 લાખ કરતાં વધુની થવા જાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BCCI MOURNS

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ( BCCI)એ ગઈકાલે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચેની IPL મેચમાં,આતંકવાદી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપવા માટે 60 સેકન્ડનું મૌન પાળવામાં આવ્યું હતું.

સમગ્ર મેચ દરમિયાન , ખેલાડીઓ, મેચ અધિકારીઓ, કોમેન્ટેટરો અને સપોર્ટ સ્ટાફે કાળી પટ્ટી પહેરીને શોક વ્યકત કર્યો હતો.

BCCIના સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે પહેલગામ ખાતે થયેલા ભયાનક આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકોના જીવ ગુમાવવાથી ક્રિકેટ સમુદાય ખૂબ જ આઘાત અને દુઃખમાં છે. શ્રી સૈકિયાએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી અને દિવંગત આત્માઓ માટે પ્રાર્થના કરી.

આઈપીએલ ટી 20 ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે રાત્રે હૈદરાબાદમાં યજમાન સનરાઈઝર્સ હૈદરાબાદને 7 વિકેટથી હરાવ્યું. મુંબઈ ઈન્ડિયન્સે ૧૪૪ રનના લક્ષ્યાંકને સરળતાથી પાર કરી લીધો અને ૧૫.૪ ઓવરમાં ત્રણ વિકેટે ૧૪૬ રન બનાવી લીધા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધી ઉંધાડ

આજના તમામ અખબારોએ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાના વિરોધમાં કેન્દ્ર સરકારે પાકિસ્તાન સામે લીધેલા આકરાં પગલાના સમાચાર પ્રકાશિત કર્યા છે.

સંદેશ અખબાર લખે છે કે સિંધુ જળસંધિ સ્થગિત, અટારી બોર્ડર બંધ....ગુજરાત સમાચારે મથાળું આપ્યું છે ભારતે સિંધુ કરાર અટકાવ્યા- પાક.ના રાજદ્વારીઓને કાઢી મુકાયા.... દિવ્યભાસ્કરની હેડલાઈન છે પાકિસ્તાન માટે પાણી, વિઝા અને વાઘા બોર્ડર બંધ....તો ફુલછાબે પહેલા પાના પર લખ્યું છે કે નપાણિયા પાકિસ્તાનને તરસ્યું મારશે ભારત... રાજસ્થાન પત્રિકાએ લખ્યું છે કે પાકિસ્તાન હુક્કા પાની બંદ...

અન્ય સમાચાર જોઇએ તો

સંદેશે પહેલા પાના પર લખ્યું છે કે મણિપુર ફરી સળગ્યું- કામજોંગ જિલ્લામાં ઘરોને આગચંપી કરાઈ, બે ગામમાં કરફ્યું..

રાજ્ય અને સ્થાનિક સમાચારમાં તમામ અખબારોના છેલ્લા પાનાં પર આતંકવાદી ઘટના વિરુદ્ધ રાજયભરમાં ઠેર ઠેર જનાક્રોશના સમાચાર જોવા મળી રહ્યાં છે. આ ઉપરાંત પહેલગામ હુમલા પછી ગુજરાતમાં જમ્મુ- કાશ્મીરનું 80 ટકા બુકિંગ રદના સમાચાર અને લાખો બાળકોને હવે મધ્યાહ્ન ભોજનમાં કપાસિયાના બદલે સિંગતેલનો લાભ મળશે.... પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ મૂલ્યાંકનમાં 346 ગ્રામ પંચાયતો સાથે ગુજરાત મોખરે.... ગુજરાતમાં 94 ટકા ગ્રામ પંચાયતો બી ગ્રેડની, 2433 પાસે મકાન નથી અથવા છે તો જર્જરીત હાલતમા....હોવાના સમાચાર અલગ અલગ અખબારોએ પ્રસિધ્ધ કર્યા છે.

.. . . . . . . . . . . . . . . . . . . .